# સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર અભિયાન માટે અનુભવ નિચોડવાતો

### શ્રમજીવીઓ માટે રૈનબસેરા બનાવવાથી ગંદકીનો પ્રશ્ન હળવો થશે



ગાંધીનગરમાં અસંખ્ય મજૂરો-શ્રમજીવીઓ ખુલ્લા આકાશ નીચે, ફૂટપાથ પર અનઅધિકૃત રીતે દબાણ કરીને રહે છે. તેમની આજુબાજુ જાહેર શોચાલયના અભાવે, તેઓ જ્યાં રહે છે તેની આજુબાજુના વિસ્તારમાં જ જાહેર સ્થળોએ ગંદકી કરે છે. આ વિસ્તારો દુર્ગંધમય બને છે અને ત્યાં રહેતા નાગરિકોના આરોગ્ય માટે જોખમ ઊભું કરે છે.

ઘરબાર કે આશરા વગરના આવા શ્રમજીવીઓ માટે પર્યાપ્ત સંખ્યામાં રાત્રી આશ્રયસ્થાનો (Night Shelters) રૈનબસેરા પૂરા પાડવા તે જ એક માત્ર ઉપાય છે. દેશની સુપ્રિમ કોર્ટે ગરીબ શ્રીમજીવીઓ માટે આશ્રયસ્થાનો લાંધવા રાજ્ય સરકારોને આદેશ કરેલા છે. રાજ્યના મુખ્યસચિવશ્રીઓને આ બાબત લક્ષ આપવા વિશેષરૂપે સૂચવેલું છે. ગુજરાતની હાઈકોર્ટે પણ રૈનબસેરા બાંધવા અંગે થયેલી પ્રગતિના અહેવાલ માંગેલા છે.

ગુજરાત સરકારે તેવા ૨૦૧૨-૧૩ના બજેટમા પણ શહેરમાં રૈનબસેરા બાંધવા મોટેની જોગવાઈ કરી છે. આ બાબત હવે તરત હાથ પર લેવાય તે આજની તાતી જરૂરિયાત છે.

બાંધકામ ક્ષેત્ર જેવા ઈનફોર્મલ સેક્ટરોમાં કામ કરતા કામદારોના કલ્યાણ માટે ભારત સરકારે ૧૯૯૬માં 'મકોના અને અન્ય બાંધકામ અંગે' કાયદો પસાર કર્યો હતો. તે કાયદાની જોગવાઈ અનુસાર કોન્ટ્રાક્ટરો પાસેથી કુલ ખર્ચના ૧ ટકા પ્રમાણે કલ્યાણફાળો લેવાની રાજ્યોને સત્તા આપેલી છે. તે મુજબ હાલ રાજ્ય સરકાર પાસે અંદાજે રૂ. ૩૦૦ કરોડથી વધુ રકમ જમા થયેલી છે. આ રકમમાંથી સરકાર મહાનગરપાલિકાઓ દ્વારા રાત્રી આશ્રય સ્થાનો બાંધવાનું વિચારી શકે. ગાંધીનગરમાં ડેમોક્રેટિક પિપલ્સ એસોસીએશન-ગુજરાત આ માટે સતત પ્રયત્નશીલ છે.

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ હાઉસીંગ એન્ડ એસ્ટેટ ડેવલપમેન્ટ (ગીહેડ) અમદાવાદ દ્વારા શ્રમજીવીઓ માટે પંચામૃત યોજના અમલમાં મૂકવાનો નવા વર્ષથી નિર્ણય કરવામાં આવ્યો છે. તે અનુસાર ક્લીન અમદાવાદ-સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરી છે. અમદાવાદી હોવા માટે ગૌરવ તેમજ ડસ્ટ ફ્રી અમદાવાદ કાર્યયોજના પણ હાથ ધરી છે. ગાંધીનગરના બિલ્ડર મિત્રો પણ ગાંધીનગર અંગે આ પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી શકે. તેમની સાઈટ પર કામ કરતાં શ્રમિકોના આશ્રય અને આરોગ્યની જવાબદારી પણ તેમણે ઉપાડવી રહી. આમ થશે તો સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગરનું સપનું ઝડપથી કાર્યાન્વિત થઈ શકશે.

ગાંધીનગરના બગીચાઓ ગંદકીના ધામ બન્યા છે. બગીચામાં ડસ્ટબીન મુકવાની અને તેને સાફ કરવાની વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે. નાગરિકો જાગૃત બનીને બગીચામાં કચરો ન નાખે તો બગીચા સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનશે.

- ભાનુકાન્ત પી. પરમાર

> સ્વચ્છતા જાળવણી અત્રેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે.
> - તંત્રી

### સફાઈ કામદારો પ્રત્યે સદ્‌ભાવના કેળવીએ સેક્ટર સ્વચ્છતા સમિતિઓ રચીએ

આરોગ્ય પ્રત્યે જાગૃત નાગરિકો ઘણા લાંબા અંતર સુધી મોર્નિંગ વૉક માટે જઈ શઈ શકે છે. પરંતુ પોતાના વિસ્તારમાં મૂકવામાં આવેલી કચરાપેટી સુધી જઈને કચરાનો નિકાલ કરવા માટે થોડાક ડગલાં ચાલવાની આળસ કેમ કરતા હશે ? કચરાપેટી સુધી જઈને તેમાં જ કચરાનો નિકાલ કરવો એ પણ આરોગ્યરક્ષક પગલું જ છે ને !

> **લોકસંસદ**
> આવો, સહચિંતન કરીએ
> **જ્યોતીન્દ્ર દવે**
> મો : ૯૭૨૬૦૬૦૬૭૩
> Email : jyotindradave@gmail.com

કચરાપેટી સુધી જઈને કચરાનો નિકાલ કરવાની જાગૃતિ દર્શાવતા કેટલાંક નાગરિકો કચરાને પેટીમાં નહિ નાખતાં પેટીની બહાર જ ફેંકીને ચાલ્યા જાય છે. કચરાને 'ફેંકવા'ને બદલે 'નિકાલ' કરવાનો હોય તેવી સમજણની ગળૂથીની જરૂરિયાતને નજરઅંદાજ ન કરવી જોઈએ.

વિવિધ મંડળો કે સમિતિઓની રચના કરવામાં માહેર ગાંધીનગરના પ્રબુદ્ધજનો સેક્ટર દીઠ સ્વચ્છતા સંસ્કાર સમિતિની રચના કરીને, સેક્ટરના રહેવાસીઓને વ્યક્તિગત રીતે કચરાના યોગ્ય નિકાલ દ્વારા સેક્ટરની સ્વચ્છતા બાબતે સંવેદી બનાવી શકે. સેક્ટરના જાહેર સ્થળો જેવાં કે બાગ-બગીચા, રંગમંચ, ધાર્મિક સ્થળો વગેરેની સ્વચ્છતા બાબતે આ સમિતિ જે તે સંસ્થાના જવાબદાર હોદ્દેદારોને તેમની જવાબદારીનું ભાન કરાવી શકે.

આપણા સેક્ટરમાં સ્વચ્છતા માટે આવતા સફાઈ કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી, તેઓ કામ કરી પરવારે ત્યારે આસપાસના કોઈ ઘરમાંથી તેમને પાણી માટેય કોઈ પૂછે છે ? આટલું અમસ્થુ સૌજન્ય પણ પ્રોત્સાહક પરિણામ આપી શકે છે.

- મનિષ બી. દવે, સે. ૨૦



## ગાંધીનગર કે બાંકડાનગર

ગાંધીનગર શહેરમાં સેકટરો તથા ગુડા વિસ્તારમાં ઠેર ઠેર બાંકડા મુકવાની જાણે હોડ લાગી છે. લોક પ્રતિનિધિઓ જેવા કે કોર્પોરેટરો, ધારાસભ્યો, સંસદસભ્યો ઉપરાંત કેટલીક જાહેર હિતની સંસ્થાઓ, ટ્રસ્ટો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં બાંકડા મુકાવી નામના કમાવાય છે. વળી કેટલીક વ્યકિતઓ દાન પુણ્ય કરવાના હેતુસર સ્વજનોના સ્મરણાર્થે પણ બાંકડા મુકાવે છે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુડા વચ્ચે પણ બાંકડા મુકવાની હરિફાઈ ચાલી રહી હોય તેવું લાગે છે. જો કે શહેરના નાગરિકો અને રાહદારીઓ માટે તેમાં પણ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે આ બાંકડા આર્શિવાદ રૂપ છે પરંતુ કેટલેક ઠેકાણે લુખ્ખા તત્વો માટે ઠઠ્ઠા મશ્કરીના અડ્ડા આ બાંકડાઓની દેનથી સર્જાયા છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# પથિકાશ્રમ સર્કલ નજીકથી ટ્રાફિકમાં અડચણરૂપ છ શટલીયા જીપો ડીટેઈન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલ પાસે આડેધડ માર્ગ પર જીપો પાર્ક કરતા શટલીયા જીપ ચાલકો સામે આંખ લાલ કરી આડેધડ પાર્ક કરેલી છ જીપોને ડીટેઈન કરી છે. આથી શટલીયા જીપ ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં ઘ-૩ પથિકાશ્રમ પાસે દરરોજ સવારથી શટલીયા જીપ ચાલકો પોતાના વાહનો લઈ આવી જાય છે અને મુસાફરોને જીપડાઓમાં ઘેટા બકરાની જેમ ભરી તગડુ ભાડુ વસૂલી જોખમી મુસાફરી કરાવે છે. શટલીયા જીપ ચાલકો પુરપાટ ઝડપે શટલીયા હંકારી બિન્દાસપણે ગમે તે ઠેકાણે વાહન ઉભું રાખી દે છે. પરીણામે માર્ગ પર ભારે ટ્રાફિક જામની સમસ્યા ઉભી થાય છે. છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર શહેરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલની આસપાસ પણ શટલીયા જીપ ચાલકોએ કબજો જમાવી અન્ય વાહનને અડચણ થઈ રહ્યા છે ત્યારે આજે સેક્ટર-૭ પોલીસે આ શટલીયા જીપ ચાલકો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી હાથ ધરી હતી અને ઘ-૩ સર્કલ પાસે અડચણરૂપ ૬ જેટલી શટલીયા જીપોને ડીટેઈન કરી હતી. આથી અન્ય શટલીયા ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

# જાહેરનામા ભંગ બદલ સેક્ટર-૨૮માં ઔદ્યોગિક એકમના માલિક વિરૂદ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧

શહેરના સેક્ટર-૨૮માં આવેલા વાણિજ્ય વિસ્તારમાં પ્લોટ નં. ૪૦૯ ખાતે પ્લોટના માલિકે ઔદ્યોગિક એકમ માટે મકાન ઉભુ કરી તેને અન્ય એક ભાડુઆતને ભાડે આપી દીધુ હતુ. જેની કોઈ પણ પ્રકારની જાણ પોલીસમથકમાં ન કરી કલેક્ટરના જાહેરનામાના ભંગ કરતા એસ.ઓ.જી. પોલીસે દરોડો પાડી એકમના માલિક વિરૂદ્ધ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮માં વાણિજ્ય વિસ્તાર આવેલ છે. જ્યાં ગીરીશ સોમચંદ શાહે પોતાના માલિક પ્લોટ નં. ૪૦૯ ખાતે ઔદ્યોગિક એકમ ઉભું કર્યું હતું. બાદમાં આ એકમ અન્ય એક ભાડુઆતને ભાડે આપી દીધું હતું. જેની કોઈ પણ પ્રકારની જાણ નજીકના પોલીસમથકમાં કરી ન હતી. જેની બાતમી ગાંધીનગર એસ.ઓ.જી.ના પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને મળતા તેમની સૂચનાથી એસ.ઓ.જી.ની ટીમે આ એકમ પર દરોડો પાડ્યો હતો. માલિક પાસે જરૂરી પુરાવા ન મળતા માલિક વિરૂદ્ધ જિલ્લા કલેક્ટરના જાહેરનામના ભંગ બદલ એસ.ઓ.જી.એ સેક્ટર-૨૧ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આ સંદર્ભે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સતત ટ્રાફિકથી ધમધમતા ચિલોડા સર્કલ પાસે પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવા માંગ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ હાલ ગાંધીનગર જિલ્લાનું ધમધમતુ સર્કલ છે. જ્યાં દિવસ રાત અસંખ્ય નાના મોટા વાહનો અવર-જવર કરે છે. ત્યારે આ મોટા જંગશન તરીકે ઓળખાતા ચિલોડા સર્કલની આસપાસ કોઈ યોગ્ય વાહન માટે પાર્કિંગ ન ઉભુ કરતા ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. પરિણામે વાહન ચાલકો અને મુસાફરો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે તંત્રએ આ સર્કલની આસપાસ યોગ્ય રીક્ષા સ્ટેન્ડ અને ખાનગી વાહન સ્ટેન્ડ ઉભુ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

અમદાવાદ-હિંમતનગર-નેશનલ હાઈવે પર સ્થિત ચિલોડા સર્કલ દરરોજ વાહનોથી ધમધમતુ સર્કલ છે. આ સર્કલ સાદરા, ગાંધીનગર, નરોડા, હિંમતનગર, દહેગામ, ડભોડા સહિતના વિસ્તારોના માર્ગોને જોડતું હોવાથી સતત વાહનોની ભારે અવર-જવર રહે છે. મોટા માલવાહક ટ્રક, ટ્રાવેલ્સ સહિતના ખાનગી વાહનો તેમજ રીક્ષાઓથી સતત સર્કલ પર દરરોજ ભીડભાડ જ જોવા મળે છે. પરિણામે અનેકવાર અહીં ગંભીર અકસ્માત સર્જાય છે. જેમાં અનેક નિર્દોષ લોકોના ભોગ પણ લેવાય છે. સતત વાહનોથી ધમધમતા આ સર્કલની આસપાસ કોઈ યોગ્ય રીક્ષા પાર્કિંગ કે ખાનગી વાહન પાર્કિંગ ન હોવાથી તમામ વાહનો આમ તેમ માર્ગ પર ખડકી દેવામાં આવે છે. ત્યારે આવતા-જતા મુસાફરો સહિતના લોકો દરરોજ પડતી મુશ્કેલીઓથી ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને સર્કલની આસપાસ યોગ્ય રીક્ષા અને ખાનગી વાહન પાર્કિંગ બનાવવા માંગ ઉઠવા પામી છે. જેથી આડા અવળા પાર્ક તથા વાહનોથી ભવિષ્યમાં અકસ્માતો પણ ઘટશે.



કેશવ ગૌશાળા, રાંધેજા ચાર રસ્તા ખાતે સાંધા, મણકા, નસના રોગો માટે નિ:શુલ્ક આયુર્વેદીક નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. તેમાં નિષ્ણાંત આયુર્વેદીક તબીબો દ્વારા ૮૪ દર્દીઓનું નિદાન તથા વિશિષ્ટ આયુર્વેદીક અગ્નિકર્મ સારવાર આપવામાં આવી હતી. આ સારવારનો લાભ દર રવિવારે ૯ થી ૧૨ નિ:શુલ્ક મળશે.



**અહીંથી ટપાલ ક્યાં પહોંચશે ?**
(તસવીર : સમીર રામી)

# ડભોડા ગામે શોર્ટ સર્કિટ થતા ૧૨ હજાર નંગ ઘાસના પૂળા બળીને ખાખ

### ઘાસના ઢગલા પરથી પસાર થતી હેવી વીજ લાઈન પર વાંદરો કૂદતા શોર્ટ સર્કિટને લીધે આગ ભભૂકી ઉઠી હતી : અંદાજે રૂ. ૩૪ હજારનું નુકશાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ખુલ્લા ખેતરમાં પશુઓને ખાવા માટે મુકેલા ઘાસના પૂળાના ઢગલામાં અચાનક જ શોર્ટ સર્કિટને લીધે આગ ભભુકી ઉઠી હતી. ધીમે ધીમે આગ ખતરનાક બનતા એકાદ કલાકના ગાળામાં જ કુલ ૧૨ હજાર નંગ ઘાસના પૂળા બળીને ખાખ થઈ ગયા હતા. ગાંધીનગર ફાયર બ્રિગેડે આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી.

મળેલી માહિતી અનુસાર ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ગામના ડે. સરપંચ સુનીલ પટેલના ઘરની પાછળ ખેતરો આવેલા છે. જ્યાં એક ખેતરમાં ખુલ્લા વિસ્તારમાં પશુઓને ખાવા માટે કુલ ૧૨ હજાર નંગ ડાંગરના ઘાસના પૂળા મુકવામાં આવ્યા હતા. આ જ ખેતરમાં મુકેલા ઘાસના પૂળા ઉપરથી જીઈબીની હાઈ-વીજ લાઈન પસાર થાય છે. દરમિયાન આજે સવારના સમયે આ હાઈ-વીજ લાઈન ઉપર એક વાંદરાએ કૂદકો મારતા વીજલાઈનમાં જોરદાર ભડાકો થયો હતો અને તેના તણખા નીચે પડતા ઘાસના ઢગલામાં પડતા અચાનક જ પડેલા પૂળામાં આગ ભભુકી ઉઠી હતી અને ધીમે ધીમે આગની જ્વાળાઓ વધુ ખતરનાક બની હતી જેથી એકાદ કલાકના ગાળામાં જ કુલ ૧૨ હજાર ઘાસના પૂળા બળીને ખાખ થઈ ગયા હતા. આગની જાણ ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને જાણ થતાં ફાયર ઓફિસર મહેશ મોઢ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગ પર ચારે તરફથી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આગની ઘટના બનતા ગામના લોકોના ટોળા પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા. આશરે આ આગમાં ૩૪ હજારથી વધુનું નુકશાન થયાનો અંદાજ છે.

# ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા ચૂંટાયેલા વકીલોને સન્માન પત્ર અપાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર બાર એસોસિએશનના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની મીટીંગ તા. ૨૭ નવેમ્બરનો રોજ લાયબ્રેરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના વકીલો ચૂંટાવાથી એસોસૈશન દ્વારા અભિનંદન પત્ર આપવામાં આવ્યા હતા.

ગાંધીનગર બાર એસોસિશનના તા. ૨૪ નવેમ્બરના રોજ યોજાયેલ ચૂંટણીમાં અશ્વિનભાઈ પરમાર પ્રમુખ તરીકે, કિશોરસિંહ વાઘેલા ઉપપ્રમુખ તરીકે તેમજ યુ.ડી. શુકલ સભ્ય તરીકે ચૂંટાવવા બદલ એસોસિએશન દ્વારા ત્રણે વકીલોનું અભિનંદન પત્ર આપી ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

# અમદાવાદમાં દારૂનું વેચાણ કરી રહેલા હોમગાર્ડને પકડી પડાયો

અમદાવાદ,તા. ૧

ગાંધીના ગુજરાતમાં દારૂ પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં અવારનવાર અસામાજિક તત્ત્વો દ્વારા દારૂની ઘૂષણખોરી કે વેચાણ થતુ હોય છે. આવો જ એક બનાવ માધુપુરા વિસ્તારમાં બનવા પામ્યો છે. જ્યં માધુપુરાના વાણિયાવાસ પાસે પોતાના ઘર નજીક દારૂનું જાહેરમાં વેચાણ કરતા હોમગાર્ડને ઝડપી પડાયો છે.

હોમગાર્ડ પાસેથી અંદાજે ૧૧ લીટર દેશી દારૂને પણ કબ્જે કરવામાં આવ્યુ છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, માધુપુરા વિસ્તરના વાણિયાવાસ પાસે રહેતા હોમગાર્ડને પોતાના જ ઘર નજીક દેશી દારૂનું વેચાણ કરતા રંગે હાથે ઝડપી પાડ્યા છે. તપાસ દરમિયાન હોમગાર્ડ પાસેથી ૧૧ લીટર દેશી દારૂનો જથ્થો પણ મળી આવ્યો છે. હોમગાર્ડ દ્વારા પોતાના જ ઘરની પાસે જાહેર રસ્તા પર ખુલ્લેઆમ દારૂ વેચતા હોવાની જાણ થતાં સ્થાનિક લોકોમાં રોજની લાગણી ભભૂકી ઉઠઈ છે. માધુપુરા પોલીસના અધિકારીએ હોમગાર્ડને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૫૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે. સામાજિક ક્ષેત્રોથી લાભ થવાની સંભાવના છે.

**વૃષભ** : વ્યાપારિક ભાગીદારીમાં ભાગ્યવર્ધક યાત્રાની સંભાવના. આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

**મિથુન** : ઈચ્છિત કાર્ય થશે. વિરોધી સમજૂતી કરશે. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

**કર્ક** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યો ગહન શોધના કાર્યો થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે.

**સિંહ** : વિરોધી સમજૂતી કરશે. આપના કાર્યોની પ્રસંસા થશે. વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

**કન્યા** : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

**તુલા** : કાર્યભાર અને વ્યસ્તતાથી થાક થઈ શકે છે. વેપાર-વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.

**કુંભ** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

## ચિરવિદાય

- સ્વ. દશરથભાઈ રાવજીભાઈ વાળંદ (ઉ.વ. ૫૫) પ્લોટ નં. ૫૬૫/૧, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. લાલજી મહોતજી ગોહીલ (ઉ.વ. ૬૨) મુ.પો ઈન્દ્રોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શોભાબેન મુકેશભાઈ દંતાણી (ઉ.વ. ૩૨) મુ.પો. પ્રાંતીયા, તા., જિ. ગાંધીનગર.